## મે. રાજકોટના સ્પે.સીટીંગ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની ટ્રાફીક કોર્ટમાં

**ક્રીમી. કેસ નં.–**

**આંક –**

**ફરીયાદી – નામદાર સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** –ALTAFBHAI AMANBHAI KUKAD

### ગુનો – પ્રોહી. એકટની ક.૬૫એએ,૧૧૬બી

### –ઃ <u>ચુકાદો</u> ઃ–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપીએ ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદામા જણાવ્યા મુજબના પ્રોહી.ના કઆયદા મુજબના ગુનાઓ કરેલ હતો આરોપી વિરૂધ્ધ ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામા આવેલ. જેથઈ આરોપીને બજવણી થતા તેઓ હાજર થતા તેઓને નકલો આપવામા આવેલ હતી.

(૨) આજરોજ આરોપીએ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે, આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓની સામે ગુનાની ગંભીરતા સમજાવવામા આવેલ છે તેમ છતા તેઓ સ્વૈચ્છીક કબુલાત કરવતા હોય અને તે મતલબની પુરસીસ રજુ કરેલ છે, આરોપી સામે તહોમતનામુ ફરમાવી ગુનાની પ્લી રેકર્ડ કરતા, આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૩) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. પ્રોહી. ક.૬૫એએ મા ત્રણ વર્ષ સુધીની સજાની અને દંડની જોગવાઇ છે.ઓછામા ઓછી સજાની કોઇ જોગવાઇ નથી. જેથી કોર્ટમ ઉઠતા સુધીની સજાથી લઇ ત્રણ વર્ષ સુધી સજા કરી શકાય તેમ છે. દંડ કોર્ટ ઉપર છોડેલ છે. ક.૧૧૬બી એ જાણીતી બ્રાંડ માટે પૃથ્થકરણની જરૂરીયાત નથી તેવી જોગવાઇ છે. પ્રોહી.૯૮(૨) વાહન ખાલસા કરવા માટે છે તે કોઇ ગુનોનથી ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. જેથી સદર કેસની હકિકત જોતા આરોપીની ઉમર જોતા, જુનો કેસ અને તેનો સમરી પ્રકાર જોતા તેમજ આરોપીની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ નટવર હરચંદજીના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને યોગ્ય તે દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

### /// <u>હુકમ</u> ///

- **આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૪ મુજબ ધી ગુજરાત પ્રોહી. એકટની ક.૬૫એએ ના ગુના સબબ દોષિત ઠરાવવામાં આવે છે.**
- **આરોપીને ગુનો કરવા બદલ રૂ.૨૫૦/– (અંકે રૂપિયાબસો પચાસ પુરા) પુરાનો દંડ**

**અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામા આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન-૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**

- **મુદામાલ અંગે વચગાળાનો કરવામા આવેલ હુકમ કાયમ કરવામા આવે છે.**
- **કબજે કરવામા આવેલ ઇંગ્લીશ દારૂનો નિયમાનુસાર નાશ કરવો**

હુકમ આજ તા. ૧૩/૧૨/૨૦૨૫ ના રોજ અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૩/૧૨/૨૦૨૫
સ્થળઃ રાજકોટ.

સ્પે.સીટીંગ મેજી.તથા
જે.એમ.એફ.સી.ટ્રાફીક કોર્ટ.રાજકોટ.